**સશસ્ત્ર સેના ધ્વજદિન નિધિમાં ફાળો આપી ઝુંબેશનો શુભારંભ કરાવતા રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલી**

**તા. ૭/૧૨/૨૦૧૮, રાજભવન, ગાંધીનગર.**

સશસ્ત્ર સેના ધ્વજ દિનની ઉજવણી નિમિત્તે ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીએ આજે રાજભવન ખાતે સશસ્ત્ર સેના ધ્વજ દિન નિધિમાં ફાળો આપી ઝુંબેશનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી એસ. કે. લાંગા, રાજ્ય સૈનિક કલ્યાણ અને પુનર્વસવતૃ બોર્ડના નિયામક મેજર વિક્રમસિંહ જાડેજા તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીએ જનાવ્યું હતું કે સશસ્ત્ર સેનાઓ આપણા રાષ્ટ્રનું ગૌરવ છે. યુદ્ધ કે શાંતિના સમયમાં રાષ્ટ્ર સમક્ષની આપદા કે વિપત્તિના સમયમાં તેઓ દેશ બાંધવોની પડખે રહી સમર્પિત ભાવનાથી સેવા અને સહાય માટે તત્પર રહે છે. આપની સશસ્ત્ર સેનાઓએ રાષ્ટ્રપ્રેમ, નિ:સ્વાર્થ સેવા અને આપણી સીમાઓની સુરક્ષા માટે અપ્રતિમ સાહસ-શૌર્ય સાથે શ્રેષ્ઠ કાર્યદક્ષતાનાં દર્શન કરાવ્યાં છે. “ધ્વજદિન” સશસ્ત્ર સેનાઓ પ્રત્યે આદર-સન્માન સાથે તેમનું ઋણ અદા કરવાનો આપના સૌને માટે આ મૂલ્યવાન અવસર છે, એમ તેમણે જણાવ્યું હતું.

-------------